| | | | |
|---|---|---|---|
| રજુ થયા તારીખ | ૩૦/૦૬/૨૦૨૫ | | |
| દાખલ થયા તારીખ | ૩૦/૦૬/૨૦૨૫ | | |
| ફેસલ કર્યા તારીખ | ૧૭/૦૬/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૧૧ | ૧૭ |

सत्यमेव जयते

**<u>જંબુસરના મહે. એડી. સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–જંબુસર</u>**

**<u>રે.દિ. મુ. નં. ૮૨/૨૦૨૫</u>**

**<u>આંકઃ–</u>**

**વાદી –** અનીલભાઈ રમેશભાઈ માછી
ઉ.વ. – ૩૦, ધંધો – મજુરી,
રહે. મુ. તા. જંબુસર, જી. ભરૂચ.

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી –** (૧) જન્મ મરણ અધિકારીશ્રી, જંબુસર નગર પાલિકા
ઠે. નગર પાલિકા કચેરી, જંબુસર,
મુ.તા. જંબુસર, જી. ભરૂચ.
(૨) પ્રિન્સીપાલશ્રી,
એસ.એન્ડ આઈ.સી., નગર પાલિકા હાઈસ્કુલ,
જંબુસર.
ઠે. એસ.એન્ડ આઈ.સી.,
નગરપાલિકા હાઈસ્કુલ, ટંકારી ભાગોળ,
મુ. તા. જંબુસર, જી. ભરૂચ.

---

**બાબતઃ- રૂ. ૨,૦૦૦/- ના આંકથી જાહેરાત તથા આદેશાત્મક હુકમ મેળવવાનો**

---

**વાદી તર્ફે વિધ્વાન વકીલશ્રી એન.પી. પઢીયાર**

**પ્રતિવાદી નં. ૦૨ તર્ફે વિધ્વાન વકીલશ્રી જે.જી. પટેલ**

---

// <u>ઠરાવ</u> //

(૧) વાદીના દાવાની ટુંકમાં વિગત એવી છે કે, વાદી મુ.તા. જંબુસર. જી.ભરૂચ મુકામે કુટુંબ સાથે રહે છે અને નોકરી કરે છે. પ્રતિવાદી નં. ૦૧ જન્મ મરણ અધિકારી તરીકે જંબુસર નગર પાલિકામાં ફરજ બજાવે છે તેમજ પ્રતિવાદી નં. ૦૨ પ્રિન્સીપાલશ્રી, એસ. એન્ડ આઈ.સી., નગરપાલિકા હાઈસ્કુલ, જંબુસરમાં ફરજ બજાવે છે.

વાદી જન્મ તા. ૦૪/૦૩/૧૯૯૫ ના રોજ મોજે જંબુસર મુકામે થયેલો અને વાદીના જન્મની નોંધણી જંબુસર નગરપાલિકામાં કરાવેલ છે અને જન્મની નોંધણી કરી જન્મનું પ્રમાણપત્ર આપેલ અને જન્મના દાખલામાં તેઓની અટક "કીકીયા" લખાયેલ છે. જે ખોટી છે અને ખરેખર અટક "માછી" છે તેમજ જન્મના દાખલામાં તેઓની માતાના નામના કોલમમાં "શાંતી" લખાયેલ છે. જે શરતચુક અને ભુલથી લખાયેલ છે. જે ખોટું છે. તેઓની માતાનું સાચુ અને ખરુ નામ "શાંતાબેન" છે.

વાદીએ ધોરણ-૧૦ સુધીનો અભ્યાસ એસ. એન્ડ આઈ.સી. નગરપાલિકા હાઈસ્કુલ, જંબુસર મુકામે કરેલ અને શાળા છોડ્યા બાદ શાળા તરફથી શાળા છોડ્યાનું અસલ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. જે અસલ શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં વાદીની અટક "કીકીયા" લખાયેલ છે. જે શરતચુક અને ભુલથી લખાયેલ છે. વાદીની સાચી અટક "માછી" છે તથા પેટા જ્ઞાતિ ના કોલમમાં "હિંદુ ખારવા" લખાયેલ છે. જે ખોટું છે. તેઓની સાચી પેટા જ્ઞાતિ "હિંદુ માછી" છે.

વાદીના જન્મના દાખલામાં તેમજ શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં સુધારો કરવો જરૂરી છે. જો તેમ કરવામાં ન આવે તો વાદીને ભવિષ્યમાં ઘણું નુકસાન થાય તેમ છે તથા સરકારી કાર્યવાહીમાં ઘણી મુશ્કેલી પડે તેમ છે તેમજ રોજીંદા કામ માટે અગવડતા ઉભી થાય છે અને જેનો બદલો નાણાંથી પણ મળી શકે તેમ નથી. વાદી આ કામના પ્રતિવાદીઓ પાસે રૂબરૂ જઇ ઉપર મુજબનો સુધારો કરી આપવા જણાવતાં પ્રતિવાદીઓએ વાદીને જણાવેલ કે, કોર્ટનો હુકમ હોય તો તેઓ સુધારો કરી શકે તે સિવાય તેઓ સુધારો કરી શકતા નથી. જેથી ઉપરોક્ત જણાવ્યા મુજબનો સુધારો કરી આપવા આદેશાત્મક હુકમ મેળવવા દાવો પ્રાપ્ત થયેલ છે.

સદર દાવામાં વાદીએ દાદ માગેલ છે કે,

(અ) વાદીની સાચી અને ખરી અટક "માછી" છે અને વાદીના માતાનું સાચુ અને ખરુ નામ "શાંતાબેન" છે તથા તેઓની સાચી અને ખરી પેટા જ્ઞાતિ "હિંદુ માછી" છે. તેવું જાહેર કરવા, (બ) આ કામના પ્રતિવાદી નં. ૦૧ વાદીના જન્મના દાખલામાં વાદીની અટક "કીકીયા" ની જગ્યાએ "માછી" તથા માતાના કોલમમાં માતાના નામમાં "શાંતી" ની જગ્યાએ "શાંતાબેન" નો સુધારી કરી જન્મનું પ્રમાણપત્ર ઇસ્યુ કરે તેવો પ્રતિવાદી નં. ૦૧ ને આદેશ ફરમાવવા અને પ્રતિવાદી નં. ૦૨ વાદીના શાળા છોડ્યાના પ્રમાણપત્ર માં વાદી ની અટક "કીકીયા" ની જગ્યાએ "માછી" તથા પેટા જ્ઞાતિના કોલમમાં "હિંદુ ખારવા" ની જગ્યાએ "હિંદુ માછી" નો સુધારો કરી આપી શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ઇસ્યુ કરે તેવો પ્રતિવાદી નં. ૦૨ ને આદેશ ફરમાવવા, (ક) નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી બીજી હરકોઇ દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

**(૨)** આ કામના પ્રતિવાદીઓને દાવાનો સમન્સ કરવામાં આવેલો છે. જે તેઓને ધોરણસર રીતે બજી જતાં પ્રતિવાદી નં. ૦૨ વિધ્વાન વકીલશ્રી મારફત હાજર થયેલ અને પ્રતિવાદી નં. ૦૨ તર્ફે આંક–૦૭ થી રજુ થયેલ

વાંધા-જવાબમાં જણાવેલ છે કે, સદર કામના વાદીએ નામદાર કોર્ટમાં પોતાની શાળા છોડ્યાનું પ્રમાણપત્રમાં વાદીની અટક "કીકીયા" લખાયેલ છે. જેના બદલે પોતાની અટક "માછી" તથા પેટા જ્ઞાતિ "હિંદુ ખારવા" ની જગ્યાએ "હિંદુ માછી" સુધારો કરવા દાવા અરજી દાખલ કરેલ છે. સદર કામે પ્રતિવાદીના જનરલ રજીસ્ટર ૨૦૨૦૭ થી પ્રમાણપત્ર નં. ૫૦ થી નોંધ કરી શાળા છોડ્યાનું પ્રમાણપત્ર શાળામાંથી આપવામાં આવેલ છે. સદર કામે વાદીનો યોગ્ય પુરાવો લઇ યોગ્ય હુકમ કરવામાં આવે તો પ્રતિવાદીને કોઇ વાંધો નથી.

ત્યારબાદ પ્રતિવાદી નં. ૦૧ તર્ફે આંક-૦૮ થી રજુ થયેલ જવાબમાં તેઓએ જણાવેલ છે કે, અરજદારે તેઓના જન્મના પ્રમાણપત્રમાં અટકની કોલમમાં "કીકીયા" ની જગ્યાએ "માછી" તેમજ માતાની કોલમમાં "શાંતી" ની જગ્યાએ "શાંતાબેન" અંગેના સુધારા કરવા દાદ માંગેલ હોય. જેનું અસલ જન્મ રજસ્ટર રજુ કરેલ છે. નામદાર કોર્ટ સદર દાવો મંજુર કરે તો કોઇ વાંધો તકરાર નથી.

(૩) આ કામે વાદી તર્ફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

// **<u>મૌખિક પુરાવો</u>** //

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | વાદી અનિલભાઇ રમેશભાઇ માછી ની સોગંદ ઉપરની સરતપાસ | ૧૩ |
| ૦૨ | વાદી સાહેદ રમેશભાઇ ભગાભાઇ માછી ની સોગંદ ઉપરની સરતપાસ | ૧૪ |
| ૦૩ | વાદી સાહેદ કનુભાઇ મંગલભાઇ ખારવા ની સોગંદ ઉપરની સરતપાસ | ૧૫ |
| ૦૪ | વાદી સાહેદ કલ્પેશ રમેશભાઇ માછી ની સોગંદ ઉપરની સરતપાસ | ૧૬ |

| | | |
|---|---|---|
| ૦૫ | વાદી સાહેદ શાંતાબેન રમેશભાઈ માછી ની સોગંદ ઉપરની સરતપાસ | ૧૭ |
| ૦૬ | વાદી સાહેદ મેલાભાઈ ચંદુભાઈ માછી ની સોગંદ ઉપરની સરતપાસ | ૧૮ |

## // **દસ્તાવેજી પુરાવો** //

| અનુ. નં. | દસ્તાવેજ ની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | વાદીના જન્મના દાખલાની પ્રમાણિત નકલ | ૨૧ |
| ૦૨ | વાદીના શાળા છોડ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ | ૨૨ |
| ૦૩ | વાદીના આધાર કાર્ડ ની પ્રમાણિત નકલ | ૨૩ |
| ૦૪ | વાદીના મોટા ભાઈ ના શાળા છોડ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ | ૨૪ |
| ૦૫ | વાદીના માતાની આધાર કાર્ડની પ્રમાણિત નકલ | ૨૫ |
| ૦૬ | વાદીના માતાના ચુંટણી કાર્ડ ની પ્રમાણિત નકલ | ૨૬ |
| ૦૭ | વાદીના પિતાના આધાર કાર્ડની પ્રમાણિત નકલ | ૨૭ |
| ૦૮ | વાદીના પિતાના ચુંટણીકાર્ડ ની પ્રમાણિત નકલ | ૨૮ |
| ૦૯ | તલાટી કમ મંત્રી, સારોદ, નાઓએ આપેલ વાદીના પિતાના જન્મ ની નોંધણી અંગે "નો રેકર્ડ" ના દાખલાની પ્રમાણિત નકલ | ૨૯ |
| ૧૦ | વાદીના પિતાના પાસપોર્ટની પ્રમાણિત નકલ | ૩૦ |
| ૧૧ | વાદીએ જાહેર પ્રસિધ્ધી માટે ન્યુઝ પેપરમાં કરેલ જાહેર નોટીસ | ૩૧ |

(૪) વાદી તર્ફે વધુ કોઇ લેખિત કે મૌખિક પુરાવો રજુ કરવા માંગતા ન હોય તેવું જાહેર કરતી આંક-૩૨ થી ક્લોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે.

(૫) વાદી તર્ફે વિધ્વાન વકીલશ્રી ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) સદર દાવાના આખરી નિર્ણય માટે આંક–૦૯ થી નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલા છે.

**મુદ્દાઓ**

**૧.** શું વાદી પુરવાર કરે છે કે, વાદી ખરી "માછી" અને તેની માતાનું નામ "શાંતાબેન" છે ?

**૨.** શું વાદી પુરવાર કરે છે કે, તેમના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં તેમની અટક "કીકીયા" તેમજ પેટા જ્ઞાતિ ના કોલમમાં "હિન્દુ–ખારવા" શરતચુકથી લખાયેલ છે ?

**૩.** શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે ?

**૪.** શું હુકમ અને હુકમનામું ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓ મુજબ મારા નિર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧. "હકારમાં"

મુદ્દા નં. ૨. "હકારમાં"

મુદ્દા નં. ૩. "હકારમાં"

મુદ્દા નં. ૪. "આખરી હુકમ મુજબ"

// **કારણો** //

**મુદ્દા નં. ૦૧ અને ૦૨ ની ચર્ચાઃ–**

(૮) સદરહું મુદ્દા બાબતે વિધ્વાન વકીલશ્રીની દલીલ તથા રેકર્ડ ઉપરના રજુ પુરાવા સાથે ચર્ચા કરવામાં આવે તો, વાદી અનિલભાઇ રમેશભાઇ માછી નાઓએ આંક–૧૩ થી લેખિત સ્વરૂપની સોગંદ ઉપરની સરતપાસમાં દાવા અરજીને અનુરૂપ જુબાની રજુ કરેલ છે. વધુમાં આંક–૧૪ થી સાહેદ રમેશભાઇ ભગાભાઇ માછી, આંક–૧૫ થી કનુભાઇ મંગલભાઇ ખારવા, આંક–૧૬ થી કલ્પેશ રમેશભાઇ માછી, આંક–૧૭ થી શાંતાબેન રમેશભાઇ માછી તથા આંક–૧૮ થી મેલાભાઇ ચંદુભાઇ માછી નાઓએ

વાદીની દાવા અરજીને સમર્થનકારી સોગંદ ઉપરની સરતપાસ રજુ કરેલ છે.

સદર કામના પ્રતિવાદી નં. ૦૧ ને જન્મ ના દાખલામાં વાદીની અટક તેમજ માતાના નામમાં અને પ્રતિવાદી નં. ૦૨ ને શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં વાદીની અટક તેમજ પેટા જ્ઞાતિ માં સુધારો કરી આપવાનું જણાવતા કોર્ટનો હુકમ મળ્યેથી સુધારો કરી આપવાનું જણાવેલ અને તે મુજબ મુદ્દા ઘડવામાં આવેલ છે અને તે તમામ મુદ્દાઓ પુરવાર કરવાનો બોજો વાદીના શીરે છે.

(૯) સદર બાબતે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૦૪ અને કલમ–૧૦૫ જોવામાં આવે તો નીચે મુજબ છે.

**<u>કલમ–૧૦૪. સાબિતિનો બોજો.</u>**

જો કોઇ એમ ઇચ્છતો હોય કે તેણે પ્રતિપાદીત કરેલી હકિકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારિત કોઇ કાયેદસરના હક્ક અથવા જવાબદારી વિશે કોઇ બીજો ન્યાયાલય ફેંસલો આપે તો તેણે સાબિત કરવું પડશે કે તે હકિકતો અસ્તિત્વમાં છે.

કોઇ વ્યકિત, કોઇ હકિકતોનું અસ્તિત્વ સાબિત કરવા બંધાયેલી હોય, ત્યારે સાબિતીનો બોજો તે વ્યકિત ઉપર છે, એમ કહેવાય.

**<u>કલમ–૧૦૫. સાબિતની બોજો કોના ઉપર છે.</u>**

બે માંથી કોઇ પક્ષ તરફથી કશો પુરાવો આપવામાં ન આવ્યો હોય તે જે વ્યકિત નિષ્ફળ જાય તેમ હોય તેના ઉપર દાવા અથવા કાર્યવાહીમાં સાબિતીનો બોજો છે.

(૧૦) હવે ઉપરોક્ત મુજબની કાયદાકીય પરિસ્થિતિ સાથે હાલના કેસ બાબતે ચર્ચા કરવામાં આવે તો, વાદી તર્ફે આંક–૨૧ થી ૩૧ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે, જે વંચાણે લેવામાં આવે તો

આંક–૨૧ થી વાદીના જન્મના દાખલાની પ્રમાણિત નકલ છે. જેમાં નામના કોલમમાં "અનિલભાઈ", જાતિ ના કોલમમાં "પુ", જન્મ તારીખ "૦૪/૦૩/૧૯૯૫", જન્મ સ્થળ "નવી નગરી, જંબુસર", માતાનું નામ "શાંતી" તથા પિતાનું નામ "રમેશભાઈ ભગાભાઈ કીકીયા" લખેલ છે તેમજ સદર જન્મના પ્રમાણપત્રમાં નોંધણી ક્રમાંક–૨૮૫, તારીખ "૧૩/૦૩/૧૯૯૫" દર્શાવેલ છે તથા આંક–૨૨ થી વાદીનું શાળા છોડ્યાના પ્રમાણપત્ર ની પ્રમાણિત નકલ છે. જેમાં જી.આર. નં. ૨૦૨૦૭, પ્રમાણપત્ર નં. ૫૦, વિદ્યાર્થિનું પુરુ નામ "કીકીયા અનિલભાઈ રમેશભાઈ ભગાભાઈ", ધર્મ અને જાતિ "હિન્દુ ખારવા", જન્મ સ્થળ "જંબુસર, જી. ભરૂચ", જન્મ તારીખ "૦૪/૦૩/૧૯૯૫" લખેલ છે. આંક–૨૩ થી વાદીના આધાર કાર્ડની પ્રમાણિત નકલ રજુ રાખેલ છે. જેમાં નામ "અનિલભાઈ રમેશભાઈ કીકીયા" અને જન્મ તારીખ "૦૪/૦૩/૧૯૯૫" લખેલ છે. આંક–૨૪ થી વાદીના મોટા ભાઈ કલ્પેશભાઈ રમેશભાઈ ભગાભાઈ માછી ના શાળા છોડ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજુ રાખેલ છે. જેમાં ધર્મ અને જાતિ ના કોલમમાં "હિન્દુ માછી" લખેલ છે. વધુમાં આંક–૨૫ થી વાદીના માતાના આધાર કાર્ડની પ્રમાણિત નકલ રજુ રાખેલ છે. જેમાં વાદીના માતાનું નામ "માછી શાંતાબેન રમેશભાઈ" લખેલ છે. આંક–૨૬ થી વાદીના માતાના ચુંટણી કાર્ડની પ્રમાણિત નકલ રજુ રાખેલ છે. જેમાં નામ "માછી શાંતાબેન રમેશભાઈ" લખેલ છે. આંક–૨૭ થી વાદીના પિતાના આધારકાર્ડ ની પ્રમાણિત નકલ રજુ રાખેલ છે. જેમાં નામ "માછી રમેશભાઈ ભગાભાઈ" લખેલ છે. આંક–૨૮ થી વાદીના પિતાના ચુંટણી કાર્ડની પ્રમાણિત નકલ રજુ રાખેલ છે. જેમાં નામ "માછી રમેશભાઈ ભગાભાઈ" લખેલ છે. આંક–૨૯ થી વાદીના પિતા ની જન્મ ની નોંધણી થયેલ નથી તે બાબતનું તલાટી કમ મંત્રી, ગ્રામ પંચાયત, સારોદ, તા. જંબુસર નાઓએ આપેલ અપ્રાપ્ય પ્રમાણપત્ર રજુ રાખેલ છે. આંક–૩૦ થી વાદીના પિતાના પાસપોર્ટની પ્રમાણિત નકલ રજુ રાખેલ છે. જેમાં વાદીના પિતાનું નામ "માછી રમેશ ભગાભાઈ પુંજાભાઈ" લખેલ છે. વધુમાં આંક–૩૧ થી તા. ૦૭/૦૩/૨૦૨૬

ના રોજ ગુજરાત ન્યુઝ પેપર્સમાં જાહેર પ્રસિધ્ધી માટે કરેલ જાહેર નોટીસ રજુ રાખેલ છે.

**(૧૧)** સમગ્ર દસ્તાવેજી પુરાવો એકી સાથે જોતાં, વાદીના જન્મના દાખલામાં તેઓની અટક "કીકીયા" તેમજ માતાના નામના કોલમમાં "શાંતી" લખાયેલ છે અને વાદીને શાળા છોડ્યા બાદ શાળા તરફથી આપવામાં આવેલ શાળા છોડ્યાના અસલ પ્રમાણપત્ર વાદીની અટક "કીકીયા" તથા પેટા જ્ઞાતિ ના કોલમમાં "હિંદુ ખારવા" લખાયેલ છે. જે શરતચુક અને ભુલથી લખાયેલ છે. આમ, વાદીએ રજુ રાખેલ દસ્તાવેજોમાં વાદીનું સાચી અને ખરી અટક "માછી" તેમજ વાદીની માતાનું નામ "શાંતાબેન" હોવાનું જણાય આવે છે. તેમજ આ કામે આંક-૨૪ થી રજુ રાખેલ વાદીના ભાઇના શાળા છોડ્યાના પ્રમાણપત્ર ને ધ્યાને લેતાં તેમાં વાદીના ભાઇની ધર્મ અને જાતિ ના કોલમમાં "હિન્દુ માછી" લખેલ છે. તે હકિકતને ધ્યાને લેતાં વાદીની પેટા જ્ઞાતિ "હિંદુ માછી" હોવાનું પુરવાર થાય છે. સદર કામે રજુ રાખેલ દસ્તાવેજોને પ્રતિવાદીઓ દ્વારા પડકારવામાં આવેલ નથી કે તેની હકિકતોનું ખંડન પણ કરવામાં આવેલ નથી અને સદર કામે રજુ રાખેલ દસ્તાવેજો જે સરકારી કચેરી દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ છે. વધુમાં વાદીએ તા. ૦૭/૦૩/૨૦૨૬ ના રોજ જાહેર પ્રસિધ્ધી માટે ગુજરાત ન્યુઝ પેપર્સ માં આપેલ જાહેર નોટીસ સંદર્ભે કોઇ પણ લાગતા વળગતા કે અન્ય કોઇ ઈસમને વાંધો કે તકરાર હોય તે બાબતે નામદાર કોર્ટ સમક્ષ આજદિન સુધી કોઇ પણ ઈસમ હાજર થયેલ નથી કે કોઇ તકરાર લીધેલ નથી.

**(૧૨)** હવે સદર બાબતે નામદાર ગુજરાત હાઇકોર્ટના મુકેશકુમાર પ્રહલાદભાઇ પટેલ વિ. ગુજરાત રાજ્યનો ચુકાદો વંચાણે લેવામાં આવે તો, પેરા નં. (૨૨) થી (૨૫) માં ઠરાવેલ છે કે,

> 22. The provisions of <u>Section 15</u> of the Act 1969 read with Rule 11(4) and 11(5) of the Rules are explained

time and again by this Court holding that the respondent no. 3 is having power under the provisions of the Act and Rules for correcting the entry with regard to the date of birth and such power has to be exercised by application of mind by the respondent no.3, more particularly, when this Court has directed twice for such exercise of power by the respondent authority.

23. This Court, in the case of Ghanshyam Maganbhai Talavia (supra), Rekhaben W/o. Sampatkumar Rachhadiya and Bharatkumar Somdas Prajapati (supra) has held that the respondent authority is required to pass necessary order for correction of date of birth after taking into consideration the documents produced before it. This Court in the case of Sejalben Mukundbhai Patel W/o. Khodabhai Joitaram Patel vs. State of Gujarat passed in Special Civil Application No.19054 dated 16.01.2019 has considered the Circular dated 18.02.2016 which is relied upon by the respondent no. 3 to reject the application of the petitioner as under:-

"22. From the aforesaid statutory provisions and the decisions rendered by this Court, following aspects would emerge:

(a) The expression "erroneous in form of substance" in

Section 15 of the Act of 1969 is an expression of wide amplitude and does not confine to simple typing errors or clerical mistakes and no guidelines or circulars can take away powers of the Registrar of making correction in entries which are erroneous in form or substance in register as envisaged under Section 15 of the Act of 1969 and Rule 11(1) to (7) of the State Rules, 2004.

(b) The Registrar appointed under the provisions of the Act of 1969 has got powers for correction in relation to the entries and the name also in the Register/ Birth Certificate and such correction or cancellation also comes within the purview of powers under Section 15 of the Act of 1969.

(c) The competent authority appointed under the provisions of the Act of 1969 has to consider whether the entry in the Birth Certificate/Register can be corrected or not, after making inquiry and after going through the relevant material, which may be produced by the concerned applicant or which may be called by competent authority for satisfying itself.

25. Thus, answer to issue No.(i) framed as above, is that Circular dated 18.02.2016 issued by the Registrar, Births and Deaths and Commissioner (Health), State of Gujarat, cannot override the statutory provisions and answer to Issue No.(ii) is that Competent Authority

appointed under the provisions of the Act of 1969 and Rules framed thereunder cannot simply rely upon the circular and reject the request of the concerned applicant, without making necessary inquiry.

**(૧૩)** સદર બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૮(૧) જી.એલ.એચ. ૬૮૩ પર પ્રસિધ્ધ મીશરીખાન દિલાવરખાન પઠાણ વિ. ગુજરાત રાજ્યનો ચુકાદો વંચાણે લેવામાં આવે તો પેરા નં. (૨૨) અને (૨૩) માં ઠરાવેલ છે કે,

22. As such there is no alternative remedy in the Births and Deaths **Registration Act, 1969** to get the birth date changed in a school register. In that situation, two recourses are left with the petitioner. First is to approach the Civil Court seeking declaration to the effect that birth date mentioned in the school register wherever he has studied is incorrect and mandatory injunction against all such authorities including the competent authority is sought for to the effect that the date of birth in the relevant school registers be corrected in accordance with the birth certificate issued by the Local Self Government. Of course, the duty of the plaintiff would be that he is supposed to satisfy the Court that birth date mentioned in the birth certificate issued by the Local Self Government is otherwise genuine and is not a result of any fraud or misrepresentation.

23. The second recourse is to file a petition under <u>Article 226 of the Constitution of India</u> praying for appropriate writ, order or direction. If the petitioner is able to satisfy the Court that his grievance is genuine and the date of birth is to be corrected in the relevant school registers, then the High Court upon verifying the original birth certificate issued by the Local Self Government, issues direction to the competent authority to correct the date of birth in the school register where the student has studied lastly.

**(૧૪)** આમ, ઉપરોક્ત મુજબની કાયદાકીય પરિસ્થિતિ તથા નામદાર ગુજરાત હાઇકોર્ટના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતાં, જન્મ મરણ અધિનિયમની કલમ-૧૫ સાથે રૂલ-૧૧(૪) અને ૧૧(૫) વંચાણે લેતાં જન્મના દાખલામાં કરવામાં આવેલ કોઇ નોંધ ખોટી અગર તો ભુલથી થયેલ હોવાનું જણાય આવે તો તેમાં સુધારો કરવાની સત્તા સક્ષમ સત્તાધિકારીને રહેલ છે અને "erroneous in form of substance" નું વિશાળ અર્થમાં અર્થઘટન કરવાનું છે અને માત્ર ટાઇપીંગ કે કારકુની ભુલ પુરતો મર્યાદીત ગણવાનો નથી અને કોઇ પણ સરકયુલર કે માર્ગદર્શીકા કાયદાકીય જોગવાઇને ઓવરરાઇડ કરી શકે નહી અને જન્મના દાખલામાં કોઇ સુધારો કરવા પાત્ર છે કે નહિ તે બાબતે પોતાની સમક્ષ રજુ થયેલ પુરાવો ઉપરાંત તેઓને યોગ્ય લાગે તેવા અન્ય પુરાવાના આધારે તપાસના અંતે તેઓને સંતોષ થાય કે જન્મના દાખલામાંની કોઇ નોંધ ભુલથી અગર તો ખોટી રીતે થયેલ છે તો તેમાં સુધારો કરી શકે છે. હાલના કેસ બાબતે જોતાં ઉપરોકત વિગતે કરેલ ચર્ચા તથા જણાવેલ કારણોસર વાદીના જન્મના દાખલામાં વાદીની અટક "કીકીયા" તથા માતાના નામના કોલમમાં "શાંતી" અને

વાદીના શાળા છોડ્યા બાદ શાળા તરફથી આપવામાં આવેલ શાળા છોડ્યાના અસલ પ્રમાણપત્ર વાદીની અટક "કીકીયા" તથા પેટા જ્ઞાતિ ના કોલમમાં "હિંદુ ખારવા" જે શરતચુક અને ભુલથી લખાયેલ છે અને વાદીની સાચી અને ખરી અટક "માછી" અને માતાનું સાચું નામ "શાંતાબેન" છે તથા વાદીની સાચી પેટા જ્ઞાતિ "હિંદુ માછી" છે અને જો તે મુજબનો સુધારો કરવામાં ન આવે તો તેઓને સરકારી કાર્યવાહીમાં ઘણી મુશ્કેલી પડે તેમ હોવા છતાં પ્રતિવાદીઓ દ્વારા વાદી તર્ફે માંગણી મુજબનો સુધારો કરેલ નથી તે સંજોગોમાં વાદી પાસે બે વિકલ્પો રહેલ છે. જે પૈકી પ્રથમ દિવાની કોર્ટમાં દાવો કરી જાહેરાત અને આદેશાત્મક મનાઈ હુકમની દાદ માંગવી અને બીજુ ભારતીય બંધારણના આર્ટીકલ–૨૨૬ મુજબ રીટ દાખલ કરી યોગ્ય હુકમ મેળવવો. જે પૈકી વાદી દ્વારા હાલનો દાવો કરી જાહેરાત તથા આદેશાત્મક હુકમ મુજબ અરજ કરેલ છે અને વાદી દ્વારા ઉપરોક્ત રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી વાદીની સાચી અને ખરી અટક "માછી" તેમજ માતાનું સાચું નામ "શાંતાબેન" અને વાદીની સાચી પેટા જ્ઞાતિ "હિંદુ માછી" હોવાનું પુરવાર કરેલ હોય, તે સંજોગોમાં **મુદ્દા નં. ૦૧** અને **મુદ્દા નં. ૦૨** નો જવાબ **હકારમાં** ઠરાવું છું.

**<u>મુદ્દા નં. ૦૩ અને ૦૪ ની ચર્ચાઃ–</u>**

**(૧૫)** ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ વાદી દ્વારા મુદ્દા નં. ૦૧ અને મુદ્દા નં. ૦૨ ની હકિકત સંદર્ભે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ હોય, વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર થતાં હોય તે રીતે **મુદ્દા નં. ૦૩** નો જવાબ **હકારમાં** ઠરાવી **મુદ્દા નં. ૦૪** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

(૧) વાદીની દાવા અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) આથી જાહેર કરવામાં આવે છે કે, વાદીની સાચી અને ખરી અટક "માછી" તેમજ માતાનું સાચું નામ "શાંતાબેન" અને વાદીની સાચી પેટા જ્ઞાતિ "હિંદુ માછી" છે.

(૩) આથી પ્રતિવાદી નં. ૦૧ નાઓને એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓએ તેમની કચેરીમાં નિભાવવામાં આવતા જન્મ–મરણ રજીસ્ટરમાં વાદીના પિતાના નામના કોલમમાં "રમેશભાઇ ભગાભાઇ કીકીયા" સુધારીને નામ "રમેશભાઇ ભગાભાઇ માછી" તથા માતાના નામના કોલમમાં "શાંતી" સુધારીને "શાંતાબેન" કરીને નવો જન્મનો દાખલો નિયમ મુજબ ફી લઇને ઇસ્યુ કરી આપવો. અત્રે એ સ્પષ્ટતા ખાતર નોંધવામાં આવે છે કે, વાદીના પિતાના કોલમમાં સુધારો કરતા સમયે મુળ નામ ઉપર તે વાંચી શકાય તે રીતે ચેકો કરી તેની બાજુમાં નવી સુધારેલ વિગત ઉમેરવી અને તેની બાજુમાં કોર્ટના હુકમ મુજબ સુધારો કર્યો તે રીતનો ઉલ્લેખ કરવો.

(૪) આથી પ્રતિવાદી નં. ૦૨ નાઓને એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓએ તેમની કચેરીમાં નિભાવવામાં આવતા રજીસ્ટરમાં વિદ્યાર્થીના નામના કોલમમાં અટક "કીકીયા" ની જગ્યાએ સુધારીને "માછી" તથા ધર્મ અને જાતિ ના કોલમમાં "હિન્દુ ખારવા" ની જગ્યાએ સુધારીને "હિંદુ માછી" કરીને તે પ્રમાણે જરૂરી સુધારો રેકર્ડમાં કરવાનો આદેશ કરવામાં આવે છે તેમજ સુધારો કર્યા બાદ નિયત મુજબની ફી લઇ નવુ શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (એલ.સી.) વાદીને કાઢી આપવાનો આદેશ કરવામાં આવે છે તેમજ કોર્ટના હુકમ મુજબ સુધારો કર્યો તે રીતનો ઉલ્લેખ કરવો.

(૫) સદર દાવાનો પક્ષકારોને થયેલ ખર્ચ જાતે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

એડી. સિવિલ જજ, જંબુસર

(૬) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તા. ૧૭ મી, માહે જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૭/૦૬/૨૦૨૬
જંબુસર.

(નિલેશકુમાર આર. સોલંકી)
એડી. સિવિલ જજ,
જંબુસર.
કોડ–જી.જે. ૦૧૪૩૨